અપના વો નહિં જો રોને પે યાદ આતા હૈ... અપના વો હૈ જો કભી રોને નહિ દેતા હૈ - ધર્મસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૭ | ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૪, મંગળવાર; મહા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટસ

**● કેજરીવાલના રાજીનામા બાદ દાનની રકમ વધી**



આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી દીધા બાદ આમ આદમી પાર્ટી માટે દાન મળવાની પ્રક્રિયામાં વધારો થયો છે. આમ આદમી પાર્ટીએ લોકસભા ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કેજરીવાલના રાજીનામા બાદ દાનની રકમમાં સારો વધારો થયો છે. ૧૫મી ફેબ્રુઆરીએ એક જ દિવસમાં સૌથી જંગી ૨૭.૭૮ લાખની રકમ પક્ષને દાનમાં મળી હતી.

**● મનરેગા હેઠળ પગારમાં પહેલી એપ્રિલથી વધારો**

ગ્રામીણ વિકાસ મંત્રાલયે મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમ હેઠળ પગારમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. મનરેગા યોજના હેઠળ અત્યાર સુધી સરેરાશ પ્રતિ દિવસ એક વ્યક્તિને ૧૫૬.૪ રૂ.



આપવામાં આવતા હતા. પરંતુ હવે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તેને ૧૭૪.૩ રૂ. કરવાની હિલચાલ ચાલી રહી છે.

# આવતીકાલે જિલ્લા પંચાયતનું અંદાજપત્ર

## જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ પુરાંતલક્ષી બજેટ રજુ કરશે : સ્વભંડોળમાંથી વિકાસના નવા કામો સૂચવવાની કટિબદ્ધતા સાથે સત્તાધીશો આગળ વધી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૧૪-૧૫ નું બજેટ પુરાંતલક્ષી રજુ કરવામાં આવશે. જો કે આ બજેટમાં વિકાસના નવા કામો પર વિશેષ ભાર મુકવામાં આવશે.

આગામી બુધવારના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે તેમનું અંદાજપત્ર રજુ કરશે. શ્રીમિતિ પટેલે તેમના આ સૂચિત બજેટમાં ૬૯ કરોડ રૂ.ની પુરાંત દર્શાવી છે.

રાજ્ય સરકાર તરફથી આ વખતે સરકારી પ્રવૃત્તિ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાં રૂ. બે કરોડનો ઘટાડો થવાની સંભાવનાઓ વચ્ચે પણ કરકસરની નીતિના અસરકારક અમલ સાથે પુરાંત વધુ રહે તેવો અભિગમ શ્રીમતિ પટેલે તેમના બજેટમાં દર્શાવ્યો છે.

શ્રીમતિ પટેલે તેમના આ સૂચિત બજેટમાં સ્વભંડોળની આવક કરતાં વધુ ખર્ચ કરી અને વિકાસના નવા કામો પર ધ્યાન કેન્દ્રીત કરવાનો અભિગમ પણ વ્યક્ત કર્યો છે. ૨૦૧૪-૧૫માં સ્વભંડોળની સંભવિત આવક રૂ. ૪૭૬.૯૮ લાખ દર્શાવી છે. જ્યારે ખર્ચ ૬૫૩.૬૪ લાખ દર્શાવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ફરિયાદ નિવારણ વ્યવસ્થાપન તંત્રનો પ્રારંભ

## ફરિયાદ નિવારણની સમય મર્યાદાને લઈ તંત્રનું ભેદી મૌન : પ્રથમ તબક્કામાં પાંચ પ્રકારની ફરિયાદો લેવાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજથી લોકોની ફરિયાદના નિવારણ માટેનું અલાયદુ હાઈટેક તંત્ર કાર્યરત કરી પ્રજાભિમુખ વહીવટની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને હાલ માત્ર સફાઈની સેવા આપી હોવા છતાં મહાપાલિકાએ પ્રથમ તબક્કામાં પાંચ પ્રકારની ફરિયાદો સાંભળી અને તેના નિકાલની જાણ ફરિયાદ કરનારને કરવામાં આવે તેવી આધુનિક સુવિધા વિકસાવી છે.

ફરિયાદ નિવારણ માટે તંત્ર એ તકનીકી ક્ષેત્ર વિકસાવ્યું છે પરંતુ કેટલા સમયમાં નિકાલ થશે તેને લઈ આજે ઉદઘાટન પ્રસંગે પણ મૌન સવતાં લોકોમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઈ ગર્વનન્સ કામગીરીના ભાગરૂપે નાગરિકોની સુવિધા ઉપલબ્ધ કરાવવા મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના વરદ હસ્તે આજ રોજ નાગરિક ફરિયાદ નિયમન વ્યવસ્થાનો શુભારંભ બપોરે ૨-૦૦ કલાકેથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી આશિષભાઈ દવે તથા ડેપ્યુટી મેયરશ્રી સુભાષભાઈ પાંડવ અને ઈન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનરશ્રી પી. સ્વરૂપ ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિઝુંડા તેમજ કાઉન્સિલરશ્રીઓએ હાજરી આપી ફરિયાદ નિયમન વ્યવસ્થાને સરળ

● અનુસંધાન પાન



નિયમોની ઐસી-તૈસી - ગાંધીનગરમાં જ નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરવાની તાકાત જો કોઈની હોય તો તે સફાઈ વિભાગની છે... વારંવાર અખબારોના પાને આવી તસવીરો છપાય છે. ટીકા-ટીપ્પણીઓ થઈ છે... સુપ્રીમ કોર્ટના આદેશની ચર્ચાઓ પણ લખાઈ છે અને વંચાઈ પણ છે... આમ છતાં જાહેરમાં કચરો બાળી પ્રદૂષણમાં વધારો કરવાની જુની ટેવો હજુ ભુલાતી નથી... પ્રદૂષણ મુક્ત પાટનગર બનાવવા આ પ્રકારની હરકતો નાના-મોટા તમામ સ્તરે નિયંત્રિત કરાય તો ગ્રીન ગાંધીનગર - ક્લીન ગાંધીનગરનું સ્વપ્ન સાકાર થશે. *(તસવીર : દિપક જાની)*




શ્રીમતી સોનિયા ગાંધી



ડૉ. મનમોહન સિંહ

## મહિલા સુરક્ષા મજબૂત બનાવવા
## 10 વર્ષમાં અનેક કાયદા લાગુ

- બળાત્કાર પર અંકુશ લગાવવા માટે ફોજદારી કાનૂન (સંશોધન) અધિનિયમ, 2013
- કાર્યસ્થળ પર મહિલાઓનું યૌન ઉત્પીડન (નિવારણ, નિષેધ અને ક્ષતિપૂર્તિ) અધિનિયમ, 2013
- ઘરેલૂ હિંસાથી મહિલાઓની સુરક્ષા અધિનિયમ પસાર અને વૈવાહિક કાનૂન (સંશોધન) વિધેયક સંસદમાં પ્રસ્તુત

ભારત નિર્માણનો પુરાવો

જન જનને સ્પર્શે, જન જીવનને બદલે